ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
રવિવારીય પૂર્તિ
રવિવાર ૧૮ જાન્યુઆરી, ૨૦૨૬

# ગ્રીનલેન્ડ- USAના સંજોગો આપણી કેન્દ્ર સરકારને ભવિષ્યના સત્તા-સંઘર્ષ વિશે શું શીખવે છે?

## આર્કટિક કસોટી




**આ માત્ર ટ્રમ્પની વ્યક્તિગત ધૂન નથી. ગ્રીનલેન્ડ અત્યારે વૈશ્વિક સત્તાને નવી દિશામાં વાળતા ત્રણ પરિબળોના ટકરાવના કેન્દ્રમાં છેઃ આબોહવા પરિવર્તનથી બદલાતું ભૂગોળ, સપ્લાય-ચેઈન પર નિયંત્રણ માટેનો સંઘર્ષ અને મહાસત્તાઓની 'ડિનાયલ સ્ટ્રેટેજી'- એટલે પ્રતિસ્પર્ધીને વ્યૂહાત્મક જગ્યા મળવા ન દેવાની રણનીતિ**

બહુશ્રુત
ચિરંતના ભટ્ટ

જ્યારે વિશ્વનું સૌથી શક્તિશાળી રાષ્ટ્ર ખુલ્લેઆમ તેના જ 'નાટો' (NATO) સહયોગી એવા પ્રદેશ પર બળજબરીથી નિયંત્રણ મેળવવાની વાત કરે, ત્યારે તે કોઈ એકલદોકલ કે અવગણવાની ઘટના નથી; તે આવનારા સમયની બ્લુપ્રિન્ટ છે. ગ્રીનલેન્ડ, બરફથી ઢંકાયેલો એવો ટાપુ જેને નકશામાં શોધવામાં પણ મોટાભાગના ભારતીયોને મુશ્કેલી પડે, પણ આ ટાપુ અત્યારે સ્પષ્ટ રીતે બતાવી રહ્યો છે કે આવનારા દાયકાઓમાં મહાસત્તાઓ ખરેખર કેવું વર્તન કરશે. પછી ભલે દુનિયા "નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા'ના બણગાં ફૂંકે.

જાન્યુઆરીમાં, US પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ફરી એકવાર ગ્રીનલેન્ડ હસ્તગત કરવાનો વિચાર વહેતો મૂક્યો અને આ વખતે તેમણે લશ્કરી કે આર્થિક દબાણનો ઉપયોગ કરવાની શક્યતા નકારી નહોતી. જવાબમાં યુરોપીયન સાથીઓએ આ ટાપુ પર સૈનિકોની નાની ટુકડીઓ મોકલી; જે એક ચેતવણી સંકેત પણ હતો અને સાથે જ એ સ્વીકૃતિ પણ કે ડેનમાર્ક એકલા હાથે આ વિશાળ પ્રદેશનું રક્ષણ કરી શકે તેમ નથી. બીજી તરફ, ગ્રીનલેન્ડના નેતાઓ સ્પષ્ટ હતાઃ આ ટાપુ "વેચાણ માટે નથી".

આ માત્ર ટ્રમ્પની વ્યક્તિગત ધૂન નથી. ગ્રીનલેન્ડ અત્યારે વૈશ્વિક સત્તાને નવી દિશામાં વાળતા ત્રણ પરિબળોના ટકરાવના કેન્દ્રમાં છેઃ આબોહવા પરિવર્તનથી બદલાતું ભૂગોળ, સપ્લાય-ચેઈન પર નિયંત્રણ માટેનો સંઘર્ષ અને મહાસત્તાઓની 'ડિનાયલ સ્ટ્રેટેજી'- એટલે પ્રતિસ્પર્ધીને વ્યૂહાત્મક જગ્યા મળવા ન દેવાની રણનીતિ. ભારત માટે આ એક અસ્વસ્થ કરનારો બોધપાઠ છે, જેને અવગણવાની લક્ઝરી આપણી પાસે નથીઃ જટિલ જિઓ-પોલિટિકલ વ્યૂહાત્મક પ્રદેશ અંતે તેનો જ હોય છે જે તેને સુરક્ષિત રાખી શકે.

### ગ્રીનલેન્ડ માટેનો જંગ શા માટે મહત્ત્વનો છે?

ગ્રીનલેન્ડનું મૂલ્ય લાગણીશીલ નથી; તે એક ગણતરી છે. અમેરિકાને મામલે એ કહેવત યાદ રાખવી જોઈએ, "લાલો લાભ વગર લોટે નહીં."

### લશ્કરી ભૂમિતિ (Military Geometry)

અમેરિકા ગ્રીનલેન્ડના ઉત્તર-પશ્ચિમમાં 'પિટુફિક સ્પેસ બેઝ' (Pituffik Space Bas -અગાઉનું થુલે એર બેઝ) ચલાવે છે, જે મિસાઈલ વોર્નિંગ અને સ્પેસ સર્વેલન્સ માટેનું મહત્ત્વપૂર્ણ કેન્દ્ર છે. યુરેશિયા અને ઉત્તર અમેરિકા વચ્ચેના ઘણા ટ્રાન્સપોલર મિસાઈલ હુમલાના સૌથી ટૂંકા માર્ગો સીધા આર્કટિક પરથી પસાર થાય છે. હાઈપરસોનિક શસ્ત્રોના યુગમાં, જ્યારે નિર્ણય લેવા માટે મિનિટોનો જ સમય હોય છે, ત્યારે 'ફોરવર્ડ સેન્સર' હોવા એ કોઈ વિકલ્પ નથી, તે અસ્તિત્વ ટકાવી રાખવા માટે અનિવાર્ય છે.

### GIUK ગેપ

ગ્રીનલેન્ડ, આઈસલેન્ડ અને યુકે (UK) વચ્ચેનો આ કોરિડોર આર્કટિકના પાણીને ઉત્તર એટલાન્ટિક સાથે જોડતો વ્યૂહાત્મક માર્ગ છે. શીતયુદ્ધ દરમિયાન, સબમરીન વિરોધી યુદ્ધ માટે આ કેન્દ્ર હતું. આજે, રશિયન સબમરીનની પ્રવૃત્તિઓ ફરી વધી રહી છે ત્યારે, આ GIUK ગેપ ફરીથી મહત્ત્વનો બની ગયો છે. જે આ માર્ગને નિયંત્રિત કરે છે તે સમગ્ર એટલાન્ટિક થિયેટરને નિયંત્રિત કરે છે.

### ક્રિટિકલ મિનરલ્સ

જો કે આ મુદ્દો પરંતુ સામાન્ય રીતે સમજાય છે તેવા કારણોસર અગત્યનો છે તેમ નથી. ગ્રીનલેન્ડમાં અંદાજે 15 લાખ મેટ્રિક ટન રેર-અર્થ ખનીજોના ભંડાર છે. આ આંકડો પશ્ચિમી નીતિ ઘડનારાઓને આકર્ષે છે, પરંતુ વાસ્તવિકતા કઠોર છે. અહીં ખાણકામ મોંઘું છે, ઈન્ફ્રાસ્ટ્રક્ચર નબળું છે અને પ્રોસેસિંગ ક્ષમતામાં ચીન હજુ પણ વર્ચસ્વ ધરાવે છે. એટલે તાત્કાલિક ઉદ્દેશ ઉત્પાદનનો નથી.

**અસલી રમત 'ડિનાયલ'ની છેઃ** ચીન કે રશિયા ગ્રીનલેન્ડના સંસાધન ક્ષેત્રમાં કે રાજકીય વ્યવસ્થામાં પગપેસારો ન કરી શકે તેની તકેદારી રાખવી. મહાસત્તાઓ ખાણો તૈયાર થાય તેની રાહ જોવામાં માનવાની નથી. તે તો ભવિષ્યના લાભ માટે આજથી જ સોગઠાં ગોઠવી દે છે.

### ક્લાઇમેટ ચેન્જ માત્ર બેકગ્રાઉન્ડ નથી પણ ટ્રિગર છે

ગ્રીનલેન્ડ અત્યારે જ કેમ કટોકટીનું કેન્દ્ર બન્યું? કારણ કે બરફ ઓગળી રહ્યો છે. જેમ જેમ આર્કટિકનો બરફ પીગળી રહ્યો છે, આ પ્રદેશ થીજેલા અવરોધમાંથી નેવિગેબલ (વહાણવટા યોગ્ય) જળમાર્ગમાં પરિવર્તિત થઈ રહ્યો છે. નોર્ધન સી રૂટ (Northern Sea Route) જેવા માર્ગો હવે સૈદ્ધાંતિક નથી રહ્યા; ભવિષ્યમાં તે યુરોપ અને એશિયા વચ્ચેનું અંતર સુએઝ કેનાલની સરખામણીમાં ઘણું ઘટાડી શકે છે. આ ક્યારે થશે તેની સમયરેખા અસ્પષ્ટ છે, પરંતુ દિશા નક્કી છે.

આ માત્ર ગ્લેશિયર પીગળવાની વાર્તા નથી. આ એક નવા સમુદ્રી ક્ષેત્રના ઉદ્ભવની વાત છે; જે વેપાર, ઊર્જા પ્રવાહ, અંડર-સી કેબલ્સ અને લશ્કરી ટ્રાફિકનું વહન કરી શકશે.

આ દૃષ્ટિએ જોવામાં આવે તો, વોશિંગ્ટનનો ગ્રીનલેન્ડ પ્રત્યેનો રસ જમીન ખરીદવાની ઈચ્છાથી ઓછો અને આર્કટિક પૂરેપૂરું ખૂલે તે પહેલાં તેનું શું થશે તેના પરિણામો નક્કી કરવાની વ્યૂહરચનાથી વધુ છે. ડેનિશ સબસિડી પર નિર્ભર અને બરફ ઓગળતાંની સાથે વ્યૂહાત્મક રીતે ખુલ્લું પડતું ગ્રીનલેન્ડ એક નબળી કડી બને છે; એવી જગ્યા જ્યાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ, સંસાધન કરાર અને રાજકીય દબાણ દ્વારા પ્રભાવ સ્થાપિત થઈ શકે.

અમેરિકાનું પગલું 'પ્રિ-એમ્પટિવ પોઝિશનિંગ' છેઃ ઉદ્દેશ માત્ર માલિકીનો નથી, પરંતુ જ્યારે આર્કટિક સક્રિય બને ત્યારે ત્યાં પશ્ચિમનો પ્રભાવ અડગ રહે તે સુનિશ્ચિત કરવાનો છે.

### ડેનમાર્કની દ્વિધા ભારત માટે પ્રિવ્યૂ છે

ડેનમાર્કની સમસ્યા વિચારધારાની નહીં, પરંતુ માળખાકીય છે. ગ્રીનલેન્ડ જાહેર સેવાઓ અને અર્થતંત્રને ટકાવી રાખવા માટે ડેનમાર્કની બ્લોક ગ્રાન્ટ પર મોટાપાયે નિર્ભર છે. તાજેતરના વર્ષોમાં ડેનમાર્કે ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને આરોગ્ય ક્ષેત્રે વધારાનું રોકાણ પણ જાહેર કર્યું છે. આમ કરવા પાછળ વ્યૂહાત્મક ચિંતા અને ઘરઆંગણે જવાબદારી બંનેનો સમાવેશ થાય છે. ભારતીય વાચકો માટે આ પેટર્ન જાણીતી લાગશે. મર્યાદિત આર્થિક ક્ષમતા ધરાવતો વ્યૂહાત્મક પ્રદેશ મહાસત્તાઓના આકર્ષણનું કેન્દ્ર બને છે- યુદ્ધ દ્વારા નહીં, પણ નિર્ભરતા અને વાટાઘાટો દ્વારા.

### ત્રણ બોધપાઠ જેની ભારત અવગણના ન કરી શકે

**પહેલોઃ** નિયમો આધારિત વ્યવસ્થા શરતી હોય છે. જ્યારે કોઈ અમેરિકી પ્રમુખ NATOના સહયોગી પર દબાણની વાત કરે છે, ત્યારે તેનો સંદેશ સ્પષ્ટ છેઃ આંતરરાષ્ટ્રીય નિયમો ત્યાં સુધી જ માન્ય છે જ્યાં સુધી તે વ્યૂહાત્મક જરૂરિયાતોની આડે નથી આવતા. ભારતે આઘાત પામવાનું નાટક કરવાની જરૂર નથી. દક્ષિણ ચીન સમુદ્ર, ક્રિમિયા અને આપણા પડોશમાં પણ આ જ તર્ક કામ કરે છે. બોધ નિરાશાનો નથી, પરંતુ વાસ્તવવાદનો છે.

**બીજોઃ** ભૂગોળનો ફાયદો ત્યારે જ મળે છે જ્યારે તેને સૈન્યબળથી સુરક્ષિત કરવામાં આવે. ગ્રીનલેન્ડ અમૂલ્ય પ્રદેશ છે, પરંતુ તેની સ્વ-રક્ષણ ક્ષમતા મર્યાદિત છે. તેથી જ યુરોપીયન સાથીઓ ત્યાં હાજરી મજબૂત કરી રહ્યા છે, માત્ર પ્રતીકાત્મક એકતા માટે નહીં, પરંતુ વ્યૂહાત્મક શૂન્યાવકાશ ભરવા માટે. ભારત પાસે તેનું પોતાનું ગ્રીનલેન્ડ છેઃ આંદામાન અને નિકોબાર ટાપુઓ જેમ પિટુફિક (Pituffik) આર્કટિક પર નજર રાખે છે,

...અનુસંધાન પાના નં. 4 પર

### બાય ધી વે

**ભવિષ્યની સ્પર્ધા માત્ર સરહદો પર નહીં, પણ અંડર-સી કેબલ્સ, સેટેલાઇટ ઓર્બિટ્સ અને દરિયાઈ માર્ગો પર થશે. ગ્રીનલેન્ડનો પીગળતો બરફ માત્ર ખનીજો જ ખુલ્લા નથી કરતો. તે યુદ્ધ પછીના સંયમનું ધોવાણ અને જૂના તર્કનું પુનરાગમન દર્શાવે છેઃ જે મહત્ત્વનું છે તેના પર નિયંત્રણ રાખો, પ્રતિસ્પર્ધીને રોકો અને જ્યારે દાવ મોટો હોય ત્યારે કાયદાકીય વિવેકને વચ્ચે ન આવવા દો. કોઈ બીજું આપણો નકશો નક્કી કરે તે પહેલાં, ભારતે આ સંજોગોમાંથી જરૂરી બોધપાઠ ધ્યાનથી શીખી લેવા જોઈએ.**

# ટ્રમ્પની ભારતને 2026ની ન્યૂ યર ગિફ્ટ: હજુ પણ આકરા ટેરિફ માટે તૈયાર રહો

જયનારાયણ વ્યાસ




**ટ્રમ્પે જે ઉચ્ચારણો કર્યાં તેને કારણે ભારત-અમેરિકા વચ્ચેના રાજદ્વારી સંબંધો વધુ તણાવપૂર્ણ બને તેવી શક્યતાઓ નકારી શકાય નહીં. આ બધાની વચ્ચે ટ્રમ્પ ભારતીય વડા પ્રધાનને પોતાના મિત્ર ગણાવે અને એવું વિધાન કરે કે, ''અમે હંમેશાં મિત્રો જ રહીશું અને ભારત-અમેરિકા વચ્ચે વિશિષ્ટ સંબંધો છે''**

વેનઝુએલા ઉપર વીજળી વેગે હુમલો કરી ત્યાંના પ્રમુખ નિકોલસ મદુરો અને તેમનાં પત્નીને અમેરિકા ઉઠાવી લાવ્યા બાદ અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટીસ દ્વારા મદુરો તેમજ તેમનાં પત્ની સામે 'નાર્કોટિરરિઝમ'ના મુદ્દે આક્ષેપ મૂકી કેસ ચલાવવામાં આવશે. તે ઉપરાંત વેનેઝુએલા દુનિયામાં સૌથી વધુ ખનિજ રિઝર્વ ધરાવતો દેશ છે એટલે આડકતરી રીતે આ મુદ્દો દુનિયાના ક્રુડ ઓઇલના ઉત્પાદન તેમજ પુરવઠાને પણ સ્પર્શે છે, જેને કારણે અમેરિકાએ વેનેઝુએલા પર લશ્કરી દખલ કરવાનું પગલું લીધું છે.

ડોનાલ્ડ ટ્રમ્પ એમની મનસ્વી ટીકા-ટિપ્પણીઓ માટે જાણીતા છે. ભારત વિમાસણમાં મૂકાય એવી તકની જાણે એ રાહ જ જોતા હોય છે. એ રીતે એક યા બીજી રીતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને મૂંઝવણભરી સ્થિતિમાં મૂકી દે તેવી પ્રવૃત્તિ ટ્રમ્પ ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫થી જ કરતા આવ્યા છે. ભારતના પક્ષે હમેશાં એવું વલણ રહ્યું છે કે ભારત પોતાની સમસ્યા દ્વિપક્ષી મંત્રણાઓ થકી ચર્ચાના મેજ પર ઉકેલવાની પદ્ધતિને અનુસરે છે અને આ સંદર્ભે તેને ત્રીજા દેશની દખલ મંજૂર નથી. આમ છતાંય ટ્રમ્પ વારંવાર કહેતા રહ્યા છે કે 'ઓપરેશન સિંદૂર' બાદ યુદ્ધવિરામ કરાવવા માટે તેમણે ભારત અને પાકિસ્તાન વચ્ચે મધ્યસ્થી કરી હતી અને બંને દેશોએ એને માન આપી યુદ્ધવિરામ સ્વીકાર્યો હતો. હવે તો ચીન પણ આમાં કૂદી પડ્યું છે અને કહે છે કે, ઓપરેશન સિંદૂર દરમિયાન ભારત અને પાકિસ્તાન વચ્ચેનો ટકરાવ મોટા પાયે યુદ્ધમાં તબદિલ ન થાય અને બંને દેશો વચ્ચે શાંતિ પુનઃ સ્થપાય એ માટે ચીને પણ અગત્યનો ભાગ ભજવ્યો હતો. આ બધા સામે ભારતનું મૌન અકળાવનારું છે. એના કારણે સમજ કરતાં ગેરસમજ વધારે ઊભી થાય છે એ બાબતમાં કોઈ શંકા નથી.

૫ જાન્યુઆરી, ૨૦૨૬ના એક અગ્રણી અંગ્રેજી દૈનિક દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલા એક સમાચાર વળી પાછા મધપૂડા પર કાંકરીચાળો કરવાનું કામ કરે તેવા છે. ટ્રમ્પ દ્વારા એક નિવેદન કરવામાં આવ્યું છે તે મુજબ જો ભારત રશિયન ઓઇલના મુદ્દે સાનુકૂળ વલણ અખત્યાર નહીં કરે (એટલે કે અમેરિકાએ જે ફરમાવ્યું છે તે મુજબ રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું સંપૂર્ણપણે બંધ નહીં કરે) તો હજુ પણ ૫૦ ટકાના ટેરિફમાં વધારો થઈ શકે છે. આમ કહ્યા બાદ ટ્રમ્પ ઉમેરે છે કે, ભારતીય વડા પ્રધાન દ્વારા તેમને ખાતરી આપવામાં આવી છે કે ભારત રશિયા પાસેથી ક્રુડ ઓઇલ ખરીદવાનું સદંતર બંધ કરશે. આ મુદ્દે આગળ બોલતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી એક સારા માણસ (good guy) છે અને તેમને અમેરિકન પ્રમુખ કયા મુદ્દે નારાજ છે તે ખ્યાલ છે. પત્રકારોને સંબોધન કરતાં ટ્રમ્પે જણાવ્યું હતું કે, 'ભારત મને ખુશ રાખવા માગે છે. મોદી એક ખૂબ જ સારા માણસ છે અને એમને ખબર છે કે, હું ખુશ નથી. એટલું જ નહીં પણ મને ખુશ કરવો અગત્યનો છે. (કારણ કે) અમેરિકા ભારતમાંથી થતી આયાત પરના ટેરિફના દર હજુ પણ વધારી શકે છે.'

...અનુસંધાન પાના નં. 4 પર

સિલી પોઈંટ

